# બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૨૭/૧૧/૨૦૨૩ થી તા.૦૩/૧૨/૨૦૨૩ સુધી)

(૧)

તા.૨૭/૧૧/૨૦૨૩ ના કલાક.૧૭/૧૫ વાગે મોજે પાલનપુર રામપુરા ચોકડી નજીક આ કામના તહોદાર વસંતભાઇ બાબુભાઇ જાતે રબારી ઉ.વ.૨૫ ધંધો-મજુરી રહે.ઝાંઝરવા તા.અમીરગઢ જી.બનાસકાંઠા વાળાઓ પોતાના જાત કબજાના હીરો સ્પેલ્ન્ડર પ્લસ મોટર સાયકલ રજી. નં. GJ-08-CN-0282 ઉપર ગે.કા.અને વગર પાસ પરમીટની ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ કુલ નંગ.૧૩૧ કિ.રૂ.૨૫૪૧૫/- તથા મોબાઇલ નંગ-૧ કી.રૂા. ૧૦૦૦૦/- તથા મોટર સાયકલ રજી.નં. GJ-08-CN-0282 કિ.રૂ. ૨૫,૦૦૦/- ગણી એમ કુલ કિ.રૂ.૬૦૪૧૫/-ના મુદ્દામાલ સાથે વીદેશી દારૂની હેરાફેરી કરતો મળી આવી પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પા.શહેર પુર્વ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૪૨૩૦૯૦૬/૨૦૨૩ પ્રોહી કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(૨),૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા.૨૭/૧૧/૨૦૨૩ ના ક.૦૯/૦૦ વાગે મોજે અમીરગઢ બોર્ડર પોલીસ ચેકપોસ્ટ આ કામના તહોદારોએ એકબીજાના મેળાપીપણામાં M.R. TRAVELS લકઝરી બસ નં.NL-01-B-1619 માં વગર પાસ પરમીટનો ગે.કા.ના ભારતીય બનાવટના વિદેશી દારુની પેટી નંગ-૦૮ બોટલ નંગ-૧૯૨ કિંરૂ.૪૩,૯૨૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિં.રૂ. ૨૫,૦૦૦/- તથા રોકડ રકમ રૂ.૫૦૦/- તથા ટીકીટ કિંરૂ.૦૦/૦૦ તથા આધારકાર્ડની નકલ કિંરૂ.૦૦/૦૦ મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૬૯,૪૨૦/- સાથે તહો.નં. (૧) પકડાઇ જઇ એકબીજાની મદદગારીથી ગે.કા.વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુનો જથ્થો પ્રતિબંધીત ગુજરાત રાજ્યમાં ઘુસાડવાનું ષડયંત્ર રચી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૩૦૮૩૫/૨૦૨૩ ધી પ્રોહી એક્ટ ક.૬૫એઇ, ૧૧૬(૨),૮૧, ૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૨૮/૧૧/૨૦૨૩ ના ક.૦૫/૩૦ થી ૧૧/૦૦ વાગે મોજે ડીસા-પાલનપુર હાઈવે રોડ, ડીસા તરફ જતા ત્રણ કી.મી. પહેલા આવતા પુલ ઉપર, જી.બનાસકાંઠા ( લેટ ૨૪.૨૭૦૧૦૨૨૮ તથા લોંગ.૭૨.૧૮૧૫૪૫૮૯) આ કામના તહોદાર(૧) ટોયોટા કંપનીની ફોર્ચ્યુનર ફોર વ્હીલ ગાડી રજી નં જીજે સત્તાવીસ એએ૪૫૭૪ નો ચાલક ( ઈંગ્લીશ દારૂનો જથ્થો હેરફેર કરનાર ડ્રાઇવર)(૨) ટોયોટા કંપનીની ફોર્ચ્યુનર ફોર વ્હીલ ગાડી રજી. નં-જીજે-૨૭-એએ-૪૫૭૪ ન ચાલક સાથે રહેલ અન્ય ઇસમ (૩) ટોયોટા કંપનીની ફોર્ચ્યુનર ફોર વ્હીલ ગાડી રજી. નં- જીજે-૨૭-એએ-૪૫૭૪ નો માલીક (ઈંગ્લીશ દારૂનો જથ્થો હેરફેર કરવા માટે વાહનપુરૂપાડનાર) (૪) ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારુ નો જથ્થો મંગાવનાર આરોપી (૫) ભારતીય બનાવટ નો ઈંગ્લીશ દારૂનો જથ્થો ટોયોટા ગાડી માં ભરી આપનાર આરોપી તથા પોલીસ તપાસમાં નિકળે તે. પોતાના જાત કબજામાથી ભારતીય બનાવટની ઈંગ્લીશદારુ તથા બીયરની ની અલગ અલગ નાની મોટી બોટલ ફૂલ નંગ-૨,૧૫૬ કી.રૂ.૩,૪૬,૪૦૦/- તથા દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવામાં આવેલ ટોયોટા કંપનીની ફોરચ્યુનરફોર વ્હીલ ગાડી રજી.નં. જીજે-૨૭-એએ-૪૫૭૪ ની કી.રૂ. ૧૦,૦૦,૦૦૦/- જે ફૂલ રૂ.૧૩,૪૬,૪૦૦/- (અંકે રૂપીયા તેર લાખ છેતાલીસ ચારસો પુરા/-) ના મુદ્દામાલ મુકી નાશી જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ડીસા શહેર ઉત્તર પો.સ્ટે.પાર્ટ-સી - ગુ.ર.નં.૧૧૧૯૫૦૧૬૨૩૦૫૫૩/૨૦૨૩ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૨૮/૧૧/૨૦૨૩ ના ક.૧૪/૩૦ વાગે મોજે કંસારી ગામની સીમ ધાનેરા ડીસા હાઈવે આ કામના તહોમતદાર હૈદરશા કરીમશા ફકીર રહે.લાધાપરા,ધાનેરા તા.ધાનેરા વાળાએ પોતાના કબ્જા ભોગવટાની ઝેન એસ્ટિલો ગાડી જેનો આગળ-પાછળ રજીસ્ટ્રેશન નંબર જોતા નં-DL-09 CS-6709 માંગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનીમોટી બોટલો કુલ નંગ-૭૦ જેની કુલ કિ.રૂ.૩૪,૧૮૫/-નો ભરી તથા ઝેન એસ્ટિલો ગાડી કિ.રૂ.૧,૫૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ ૧ કિ.રૂ.૫૦૦૦/-સાથે કુલ મુદ્દામાલ કિ.રૂ.૧,૮૯,૧૮૫/-ની હેરાફેરી કરી પોલીસ નાકાબંધી દરમ્યાન પકડાઇ જઇ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ડીસા રૂરલ પો.સ્ટે. પાર્ટ-C ગુ.ર.નં૧૧૧૯૫૦૧૯૨૩૧૩૨૧/૨૦૨૩ ધી પ્રોહી એક્ટ કલમ-૬૫ એઇ,૧૧૬(બી),૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૨૯/૧૧/૨૦૨૩ કલાક ૧૮/૩૦ વાગ્યે મોજે ચીત્રાસણી આબુ હાઇવે રોડ આ કામના તહોદાર મહાવીરસિંહ ગણપતસિંહ દેવડા રહે.ગઢડા તા.અમીરગઢ વાળાએ સહ આરોપી ડ્રાઇવર જશપાલસિંહ જબ્બરસિંહ ડાભી રહે.વાસડા તા.આબુરોડ જી.સિરોહી રાજસ્થાન તથા અજાણ્યા ગાડીમાથી નાસી જનાર ઇસમ સાથે મળી તેના કબ્જા ભોગવટાની બ્રેજા ગાડીમા રજી નં. GJ-27-BS-4499 વાળી ખોટી નંબર પ્લેટ લગાવી બ્રેજા ગાડીમા ગે.કા અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂ/બીયરની પેટી નંગ.૨૨ જે કંપની શિલબંધ બોટલો/ટીન નંગ-૪૫૬ કિ.રૂ. ૧,૩૫,૮૪૦/- નો તથા બ્રેજા ગાડી કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા બે નંબર પ્લેટ કી.રૂ.૦૦/૦૦ એમ કુલ કી.રૂ. ૫,૩૫,૮૪૦/- નો રાખી પ્રતિબંધીત ગુજરાત રાજ્યમા ગે.કા અને વગર પાસ પરમીટનો દારૂ ઘુસાડવાનુ ષડયંત્ર રચી દારૂની હેરાફેરી કરતા પોલીસ નાકાબંધી જોઇ આરોપી ડ્રાઇવર જશપાલસિંહ જબ્બરસિંહ ડાભી રહે.વાસડા તા.આબુરોડ જી.સિરોહી રાજસ્થાનવાળો તથા તેની સાથે ગાડીમા બેઠેલ ઇસમ

ગાડી મુકી નાસી જઇ તહો મહાવીરસિંહ ગણપતસિંહ દેવડા રહે.ગઢડા તા.અમીરગઢ વાળાએ સદરે દારૂનો જથ્થો ભરી મોકલી આપી બ્રેજા ગાડીને ખોટી નંબર પ્લેટ લગાવી ખરા તરીકે ઉપયોગ કરી ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ પા.તાલુકા. પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૫૨૩૧૧૦૨/૨૦૨૩ ધી પ્રોહી એકટ કલમ ૬૫એ ઇ,૧૧૬(બી), ૯૮(૨), ૯૯,૮૧,૮૩ તથા ઇ.પી.કો ક.૪૭૧,૪૮૨,૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૦૧/૧૨/૨૦૨૩ ના ક.૧૨/૦૦ વાગે મોજે મેરા ગામે હાઇવે રોડ કેનાલ પાસે આ કામના આરોપી જ્ઞાનારામ સન/ઓ કિશનારામ જાતે.ભાંમ્ભુ (જાટ) ઉ.વ.૨૪ ધંધો.ડી.ફાર્માશી રહે.સાધુના થાણા-પાંન્યુ તા.નોખા જી.બીકાનેર રાજસ્થાન મોનં.૮૦૯૪૪૨૧ ૪૦૩ તથા ૮૮૨૪૦૨૬૪૭૩ તથા રામેશ્વર સન/ઓ સગારામ જાતે.કુંદણ (જાટ) ધંધો-અભ્યાસ રહે.કકકુ થાણા-પાંન્યુ તા.નોખા જી.બીકાનેર રાજસ્થાન મો.નં.૯૦૨૪૪૧૭૫૭૧ વાળાએ પોતાના કબ્જાની સફેદ કલરની હુન્ડાઇ I10 ગ્રાન્ડ ગાડી જેનો TC નંબર RJ-21-TC-0229 માં ગે.કા. અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશીદારૂની પેટીઓ નંગ-૧૦ જેની કુલ બોટલો નંગ-૧૫૬ કિ.રૂા.૧,૧૩,૨૨૦/-નો રાખી તથા દારૂનો જથ્થો ભરી આપનાર શેલુસિંહ રાઠોડ રહે.નોખા તા.નોખા જી.બીકાનેર રાજસ્થાન તથા દારૂનો જથ્થો અસ્લમ રહે.મોરબી નામનો ઇસમ જેનો મોબાઇલ નં.૭૮૬૩૦૫૫૫૫૫ વાળાએ મંગાવી ગે.કા. રીતે હેરાફેરી કરતા હુન્ડાઇ I10 ગ્રાન્ડ ગાડી કિ.રૂા.૭,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૨ કિ.રૂા.૧૦૦૦૦/- તથા વાહનની વિમાપોલીસીની નકલ તથા આધારકાર્ડ (સ્માર્ટકાર્ડ)નંગ-૦૨ કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ મુદ્દામાલ કિ.રૂા.૮,૨૩,૨૨૦/-ના મુદામાલ સાથે ત્હોદાર નં.૦૧ તથા ૦૨ નાઓ પકડાઈ જઈ ગુનો કરેલ હોઇ તેના વિરૂધ્ધ ભાભર પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૩૦૭૫૮/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.